# APPENDIX NO: 19

## બહેરા વિદ્યાર્થીઓ માટે.

### ધોરણ - ૧

### બાળ પોથી - ૧.

સ્વરો :- અ, આ, ઈ, ઉ, ઓ

વ્યંજનો :- ઓષ્ઠય દંત્ય મૂર્ધન્ય કંઠય

અઘોષ :- પા તા ટા કા

ઘોષ :- બા દા ડા ગા

સંઘર્ષ :- સા

અર્ધ સ્વરો :- વા લા ળા

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | આપો | (ચિત્ર) | (૨) | ટોપી | (ચિત્ર) |
| (૩) | પટો | ,, | (૪) | કપ | ,, |
| (૫) | ઉંટ | ,, | (૬) | પીપ | ,, |
| (૭) | પાકીટ | ,, | (૮) | પાટિયું | ,, |
| (૯) | તાવ | ,, | (૧૦) | કૂવો | ,, |
| (૧૧) | લોટો | ,, | (૧૨) | પવાલું | ,, |
| (૧૩) | બૂટ | ,, | (૧૪) | તકલી | ,, |
| (૧૫) | પાટલી | ,, | (૧૬) | બાવો | ,, |
| (૧૭) | બોલ | ,, | (૧૮) | પગ | ,, |
| (૧૯) | ગાડી | ,, | (૨૦) | ગાલ | ,, |
| (૨૧) | લાડુ | ,, | (૨૨) | ડબો | ,, |
| (૨૩) | દાટો | ,, | (૨૪) | ડોલ | ,, |
| (૨૫) | વડ | ,, | (૨૬) | તાડ | ,, |
| (૨૭) | કબાટ | ,, | (૨૮) | દવા | ,, |
| (૨૯) | વાડકી | ,, | (૩૦) | સાપ | ,, |

............૨/

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૩૧) | સાબુ | (ચિત્ર) | (૩૨) | ડોસો | (ચિત્ર) |
| (૩૩) | સોટી | ,, | (૩૪) | સૂડી | ,, |
| (૩૫) | સલેટ | ,, | (૩૬) | સુપડું | ,, |
| (૩૭) | સગડી | ,, | (૩૮) | પળી | ,, |
| (૩૯) | તાળું | ,, | (૪૦) | બળદ | ,, |
| (૪૧) | બાળક | ,, | (૪૨) | કપાળ | ,, |
| (૪૩) | ગળું | ,, | (૪૪) | તળાવ | ,, |
| (૪૫) | પાટલો | ,, | (૪૬) | વાળ | ,, |
| (૪૭) | ડાળ | ,, | (૪૮) | સસલો | ,, |
| (૪૯) | સાડી | ,, | (૫૦) | બિલાડી | ,, |
| (૫૧) | બતક | ,, | (૫૨) | પોપટ | ,, |
| (૫૩) | બગલો | ,, | (૫૪) | ટપાલી | ,, |
| (૫૫) | કાગડો | ,, | (૫૬) | ટોપલી | ,, |
| (૫૭) | કૂકડો | ,, | (૫૮) | ટિકિટ | ,, |
| (૫૯) | બાબો | ,, | (૬૦) | બાટલી | ,, |
| (૬૧) | ગોળ | ,, | (૬૨) | ગોળી | ,, |
| (૬૩) | દડો | ,, | (૬૪) | દીવો | ,, |
| (૬૫) | કીડી | ,, | (૬૬) | કાળો | ,, |
| (૬૭) | લાલ | ,, | (૬૮) | પીળો | ,, |
| (૬૯) | વાદળી | ,, | (૭૦) | લીલો | ,, |

............3/

કાળો કાગળો

લીલો પોપટ

પીળો સાબુ

પટો આપો

સાપ બતાવો

બચક બતાવો

સોટી લાવો

ટોપી લાવો

કપાળ બતાવો

પગ બતાવો

સસલો બતાવો

સાડી બતાવો

બાવો બતાવો

બળદ બતાવો

ગોળી આપો

ગુલાબ આપો

લાલ બોપટી આપો.

વાદળી પટો આપો

એક કેળું આપો.

ઉચ્ચારણ અંગેની ત્રણ કસરતો :-

વાણીના વિભાગમાં આપેલા સ્વર, વ્યંજનો, શબ્દો અને શબ્દસમૂહનું ઉચ્ચારણ શીખવ્યા પછી નીચે મુજબ તાલીમ આપવી વાણી બોલતાં વિદ્યાર્થી યોગ્ય રીતે સ્વસન કરી શકે તે માટે :-

| | | | |
|---|---|---|---|
| પા | કા | બા | ગા |
| પા તા | કા ટા | બા દા | ગા ડા |
| પા તા ટા | કા ટા તા | બા દા ડા | ગા ડા દા |
| પાતાટાકા | કાટાતાપા | બાદાડાગા | ગાડાદાબા |

વિદ્યાર્થી અંત્ય વ્યંજનો સારી રીતે બોલી શકે તે માટે :-

| | | | |
|---|---|---|---|
| આપ્ | ઈપ્ | ઉપ્ | ઓપ્ |
| આત્ | ઈત્ | ઉત્ | ઓપ્ |
| આટ્ | ઈટ્ | ઉટ્ | ઓટ્ |
| આક્ | ઈક્ | ઉક્ | ઓક્ |

વિદ્યાર્થી અઘોષ અને ઘોષ વ્યંજનોનો તફાવત સમજી શકે તે માટે :-

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| પા | | તા | | ટા | | કા | |
| પા | બા | તા | દા | ટા | ડા | કા | ગા |
| | બા | દા | | ડા | | | ગા |
| બા | પા | દા | તા | ડા | ટા | ગા | કા |

## મૂક વાચન અને ભાષા.

નીચેના પાઠ વાણીવાચનથી અને પ્રેમાઉથ ચાર્ટમાં મોટા અક્ષરે લખેલી કાર્ડ બોર્ડની પટ્ટીઓ ભરાવી આપવાના છે. વિદ્યાર્થી લખાણ સમજી તે મુજબ ક્રિયા કરે. પ્રશ્નોના જવાબ લખીને આપે તેવો આગ્રહ રાખવો નહિ.

### પાઠ - ૧.

ઉભા થાવ.

બેસી જાવ

તાલી પાડો

નમસ્તે કરો.

અદબ વાળો.

દોડો

કૂદો

...૫/

પાઠ - ૨

દાતણ કરો. (ચિત્ર)

(બ્રશ ઘસો)

ઉલ ઉતારો ,,,

કોગળા કરો. ,,,

મોઢું ધૂઓ. ,,,

મોઢું લૂછો ,,,

પાઠ - 3

ચપ્પું લાવો

બોલ લાવો

કાંસકો લાવો

સલેટ લાવો

ચાક લાવો

તાળુ લાવો

ચાવી લાવો

બાટલી લાવો

ફૂલ લાવો

ફૂલકો લાવો

**(નોંધ- જુદી જુદી વસ્તુઓનાં નામ મૂકી આ પાઠ આપવો.)**

પાઠ - ૪

ટેબલ બતાવો

ખુરસી બતાવ.

કબાટ બતાવો

ચંપલ બતાવો

ગાય બતાવો

ઘોડો બતાવો

બિલાડી બતાવો

હાત બતાવો.

પગ બતાવો.

.....૬

## પાઠ - ૫

**ઉઘાડો** **બંધ કરો.**

**(ખોલો)** **(વાસો)**

બારી ઉઘાડો

કબાટ બંધ કરો.

બારણું વાસો

તાળું ઉઘાડો

ટેબલ ઉઘાડો

ચોપડી ઉઘાડો

આંખો બંધ કરો

કાન બંધ કરો.

મોં ખોલો

## પાઠ- ૬

**મને** **આપો.**

મને સ્લેટ આપો.

મને ચોપડી આપો.

મને ફૂટ આપો.

મને ફૂલ આપો.

મને બોલ આપો.

મને ચાક આપો.

મને ફૂલકો આપો.

## પાઠ - ૭

(ચિત્ર)

ઢીંગલીને તેડો

ઢીંગલીને કુદાડો

ઢીંગલીને ઉંઘાડો ( સુવાડો )

ઢીંગલીને નવડાવો

ઢીંગલીને ફરાક પહેરાવો

ઢીંગલીને હીંચોળો

ઢીંગલીનું માથું ઓળો.

## પાઠ - ૮

..............................................ને..................................................આપો.

(વિદ્યાર્થીનું નામ) (પદાર્થનું નામ )

................ ને સલેટ આપો.

.............. ને ચોપડી આપો.

............. ને નોટ આપો.

............ ને પેન આપો.

........... ને થેલી આપો.

.............. ને ચાક આપો.

## પાઠ -૯

............................................ની..................................................લાવો

(વિદ્યાર્થીનું નામ) (પદાર્થનું નામ)

...................ની સલેટ લાવો

.................. ની ચોપડી લાવો

.................. ની નોટ લાવો.

................. ની પેન લાવો.

................ ની થેલી લાવો.

................. ની પેનસિલ લાવો.

## પાઠ -૧૦

ચપ્પુ અને પેનસિલ

તાળું અને ચાવી

સલેટ અને પેન

બોલ અને બેટ

નોટ અને ચોપડી

પેનસિલ અને રબર

ચાર અને ડસ્ટર

(ચિત્ર)

| ક્યાં ? | શું ? |
|---|---|

ખુરશી ઉપર ચોપડી છે.

ખુરશી નીચે સાવરણી છે.

ટેબલ ઉપર કાનગ છે.

ટેબલ નીચે ટોપલી છે.

પેટી ઉપર છત્રી છે.

નળ નીચે ડોલ છે.

પેટી માં બોલ છે.

ટેબલમાં ચોપડી છે.

## પાઠ - ૧૧.

| ક્યાં ? | શું ? |
|---|---|

કબાટ નીચે આરસી મૂકો.

આરસી ઉપર કાંસકો મૂકો.

ખીસામાં ચાવી મૂકો.

ટેબલ ઉપર સલેટ મૂકો.

ટેબલ ઉપરતાળું અને ચાવી મૂકો.

થેલીમાં સલેટ અને પેન મૂકો.

....૯/

## પાઠ - ૧૨.

| | |
|---|---|
| **ભાઈ શું કરે છે ?** | |
| **કોણ ? શું ?** | ચિત્ર. |
| ભાઈ દાતણ કરે છે. | ,, |
| ભાઈ ભમરડો ફેરવે છે. | ,, |
| ભાઈ પૈડું ફેરવે છે. | ,, |
| ભાઈ પાણી પીએ છે. | ,, |
| ભાઈ નહાય છે. | ,, |
| ભાઈ રડે છે. | ,, |
| ભાઈ હસે છે. | ,, |

## પાઠ - ૧૩.

| | |
|---|---|
| બેન શું કરે છે ? | ચિત્ર |
| બેન વાળ ઓળે છે. | ,, |
| બેન ચાંલ્લો કરે છે. | ,, |
| બેન કચરો વાળો છે. | ,, |
| બેન દોરડાં કૂદે છે. | ,, |
| બેન રોટલી વણે છે. | ,, |
| બેન કૂકા રમે છે. | ,, |
| બેન ભરત ભરે છે. | ,, |

## પાઠ - ૧૪.

| | |
|---|---|
| ઘર પાસે ઝાડ છે. | ચિત્ર. |
| ઘર બતાવો. | ,, |
| ઝાડ બતાવો. | ,, |
| ઝાડ ઉપર વાંદરો છે. | ,, |
| વાંદરો બતાવો. | ,, |

......૧૦/

| | |
|---|---|
| મંદિર ઉપર ધજા છે. | ચિત્ર. |
| ધજા બતાવો. | ,, |
| મંદિર બતાવો. | ,, |
| બુશકોટનો કોલર બતાવો | ,, |
| બુશકોટનું ખીસું બતાવો | ,, |
| બુશકોટના ગાજ બતાવો | ,, |

પાઠ - ૧૫

ટેનીસનો કોલર બતાવો

ચડ્ડીનું ખીસું બતાવો.

ફરાકના ગાજ બતાવો.

બુશકોટની બાંય બતાવો.

પાઠ - ૧૬.

**કેવું ? શું ?**

| | |
|---|---|
| રાતું ફૂલ | ચિત્ર. |
| લીલું પાન | ,, |
| પીળું ફૂલ | ,, |
| ધોળી ગાય | ,, |

કેટલા ?

| | | |
|---|---|---|
| ૧. | × | એક |
| ૨. | × × | બે |
| ૩. | × × × | ત્રણ |
| ૪. | × × × × | ચાર. |
| ૫. | × × × × × | પાંચ |
| ૬. | × × × × × × | છ |
| ૭. | × × × × × × × | સાત |
| ૮. — | × × × × × × × × | આઠ |
| ૯. | × × × × × × × × × | નવ |
| ૧૦. | × × × × × × × × × × | દશ. |

**બહેરાં વિદ્યાર્થીઓ માટે.**

**ધોરણ-૨.**

**બાળ પોથી - ૨.**

**વાણી.**

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **સ્વરો** | :- | એં, | ઐ, | ઔ, | | અં. |
| **વ્યંજનો** | :- | ઔષ્ઠય | દંત્ય | મૂર્ધન્ય | કંઠય | તાલવ્ય |
| **(અનુનાસિક વ્યંજનો)** | :- | મા | ના | ણા | ઙ. | |
| **(અર્ધ સ્વરો)** | | | | રા | | યા |
| **(સંઘર્ષ)** | | | | | | શા |
| **(મહાપ્રાણ ઘોષ વ્યંજન)** | | | | | હા. | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | મોટર | (ચિત્ર.) | (૨) | માટલી | (ચિત્ર) |
| (૩) | મકાઈ | ,, | (૪) | મૂળો | ,, |
| (૫) | મકાન | ,, | (૬) | મોર | ,, |
| (૭) | મણકા | ,, | (૮) | દાડમ | ,, |
| (૯) | નાક | ,, | (૧૦) | નદી | ,, |
| (૧૧) | તારા | ,, | (૧૨) | કાન | ,, |
| (૧૩) | પાન | ,, | (૧૪) | વિમાન | ,, |
| (૧૫) | પવન | ,, | (૧૬) | પાટલૂન | ,, |
| (૧૭) | કોણી | ,, | (૧૮) | લસણ | ,, |
| (૧૯) | વેલણ | ,, | (૨૦) | સાણસી | ,, |
| (૨૧) | સાવરણી | ,, | (૨૨) | સોય | ,, |
| (૨૩) | ગાય | ,, | (૨૪) | ડોયો | ,, |
| (૨૫) | પતંગ | ,, | (૨૬) | ઉંદર | ,, |

.....૨/

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૨૭) | બંગડી | (ચિત્ર) | (૨૮) | કાંસકો | (ચિત્ર) |
| (૨૯) | બંબો | ,, | (૩૦) | પૈડું | ,, |
| (૩૧) | લંગડો | ,, | (૩૨) | રેંટિયો | ,, |
| (૩૩) | આમલી | ,, | (૩૪) | પાયો | ,, |
| (૩૫) | પીન | ,, | (૩૬) | શકોરું | ,, |
| (૩૭) | શીશી | ,, | (૩૮) | કપડાં | ,, |
| (૩૯) | વીંટી | ,, | | (ચડ્ડી,ટોપી,કોટ,ટુવાલ, | |
| (૪૦) | બારી | ,, | | ટેનીસ) | |
| (૪૧) | બકરી | ,, | (૪૨) | કેરી. | ,, |
| (૪૩) | બેટરી | ,, | (૪૪) | રકાબી | ,, |
| (૪૫) | કૂતરો | ,, | (૪૬) | વાંદરું | ,, |
| (૪૭) | બટન | ,, | (૪૮) | પેન | ,, |
| (૪૯) | આરસી | ,, | | | |

મણકા લાવો.

મણકા ગણો.

મોટી મોટી નદી.

નાનું નાનું તળાવ.

કાન અને નાક.

મકાઈ આપો.

મકાઈ અને મૂળો.

વિમાન બતાવો.

પાટલૂન પહેરો.

બંગડી પહેરો.

વીંટી પહેરો.

પૈસા લાવો.

શકોરામાં પાણી લાવો.

ઉંદર પકડો.

પતંગ પકડો.

મકાઈ શેકો.

---

અઘોષ, ઘોષ અને અનુનાસિક વ્યંજનોનો ઉચ્ચારણ ભેદ સમજાવવા નીચે મુજબ તાલીમ આપવી :-

| | | |
|---|---|---|
| પા. | તા. | ટા |
| પા બા | તા દા | ટા ડા |
| પા બા મા | તા દા ના | ટા ડા ણા |
| મા | ના | ણા |
| મા બા | ના દા | ણા ડા |
| મા બા પા | ના દા તા | ણા ડા ટા |

## પાઠ - ૧૭

આજ્ઞા :-

ચપ્પુ લાવો

કાંસકો લાવો

તાળું લાવો

પાણી લાવો

દડો લાવો

શીશી લાવો

ચાક લાવો

સલેટ લાવો

અભ્યાસ :- તમે શું કર્યું ?
હું પેન લાવ્યો- લાવી.
તમે શું લાવ્યા ?
હું તાળુ લાવ્યો - લાવી.

## પાઠ - ૧૮.

આજ્ઞા :-

તાળું બતાવો.

ટેબલ બતાવો.

ખુરશી બતાવો.

ચાક બતાવો.

સલેટ બતાવો.

કબાટ બતાવો.

આરસી બતાવો.

ફૂટ બતાવો.

અભ્યાસ :-

| કોણે | શું | બતાવ્યું ? |
|---|---|---|
| રમેશ | તાળું | બતાવ્યું. |
| રમેશે | આરસી | બતાવી. |
| રમેસે | ચાર | બતાવ્યો. |

તમે શું બતાવ્યું ?

મેં તાળું બતાવ્યું.

મે. આરસી બતાવી.

મેં ચાક બતાવ્યો.

## પાઠ - ૧૯

...................................ને.......................................આપો.

મને સલેટ આપો.

મને પેન આપો.

મને પાણી આપો.

મને ચાક આપો.

મને તાળું આપો.

મને ચાવી આપો.

અભ્યાસ :-

વર્ગના વિદ્યાર્થીઓનાં નામ સાથે આ પાઠ આપવો. શું આપ્યું ?
કોને આપ્યું ? ઈ. પ્રશ્નો

શિક્ષકના નામને બદલે 'તમને' મૂકવાનું સૂચવવું.

## પાઠ - ૨૦

આજ્ઞા :-

ટેબલ ઉઘાડો.

બારણું બંધ કરો.

બારી ઉઘાડો.

કબાટ ઉઘાડો.

તાળું બંધ કરો.

બાટલી ઉઘાડો.

ચોપડી ઉઘાડો.

ચોપડી ઉઘાડો.

બારી બંધ કરો.

તાળું ઉઘાડો.

અભ્યાસ :- દરેક શબ્દોની જાતિ શિક્ષકે આપવી.

પ્રશ્નો :- શું ઉઘાડયું ?

શું બંધ કર્યું ?

નોંધ :- (ઉપરનો પાઠ, વાંસો, અને ખોલો નો ઉપયોગ કરીને શીખવો)

વધારે મહાવરો આપવો.

## પાઠ - ૨૧.

**કોણ ? શું કરે છે ? ચિત્ર.**

છોકરો દોડે છે.

હસમુખ ચાલે છે.

મગન હસે છે.

ટપાલી આવે છે.

કૂતરું ભસે છે.

બાબો રડે છે.

અભ્યાસ:- કોણ દોડે છે ?

બાબો શું કરે છે ?

— મગન બતાવો.

...૬

## પાઠ - ૨૨.

| કોણ ? | શું કરે છે ? | ચિત્ર |
| --- | --- | --- |
| વેણીલાલ | કાપડ વેતરે છે | ,, |
| સવિતા | કચરો વાળે છે. | ,, |
| મનુ | પોપટ ચિતરે છે. | ,, |
| દરજી | પહેરણ સીવે છે. | ,, |
| રમેશ | પાણી પીએ છે. | ,, |
| કનુ | ટુવાલ નીચોવે છે. | ,, |

અભ્યાસ:-

ક્રિયા:- કચરો વાળો, કાગળ વેતરો, તાળુ ચીતરો, પાણી પીઓ, રુમાલ નીચવો, રુમાલ સૂકવો.

પ્રશ્નો:- કોણ કપડા વેતરે છે ? મનુ શું કરે છે ? રમેશ બતાવો, ટુવાલ બતાવો.

## પાઠ - ૨૩.

| કોણ ? | શેનાથી ? (શેના વડે) | શું કરે છે ? | ચિત્ર. |
| --- | --- | --- | --- |
| રમેશ | ડસ્ટરથી | પાટિયું લૂછે છે. | |
| વેણીલાલ | કાતરથી | કાપડ વેતરે છે. | |
| મીના | કાંસકાથી | વાળ ઓળે છે. | |
| સવિતા | સાવરણીથી | કચરો વાળે છે. | |
| રમીલા | રુમાલથી | નાક લૂછે છે. | |
| કનક | ચપ્પુથી | પેનસિલ છોલે છે. | |
| મગન | ટુવાલથી | શરીર લૂછે છે. | |

અભ્યાસ :-

ક્રિયા-વાળા ઓળો, પાટિયું લૂછો, કાગળ વેતરો, કચરો વાળો, ચાલ્લો કરો.

પ્રશ્ન:- કોણ વાળ ઓળે છે ?

મીના શેનાથી વાળા ઓળે છે ?

મીના કાંસકાથી શું કરે છે ?

....૭/

## પાઠ- ૨૪.

આ ઝાડ છે. ચિત્ર.

ઝાડને બહુ ડાળીઓ છે.

ઝાડને જાડું થડ છે.

ડાળી ઉપર બહુ પાન છે.

પાન લીલાં છે.

ઝાડ ઉપર વાંદરું છે.

અભ્યાસ :-

ઝાડનાં સામાન્ય નામ, મૂળ થડ, ડાળી, પાન એ બધાંને વિદ્યાર્થી ઓળખી બતાવે. પડોશનાં ઝાડ ઓળખાવવાં.

## પાઠ - ૨૫

આ ઘર છે. ચિત્ર.

ઘરને ચાર બારી છે.

ઘરને બે બારણાં છે.

ઘરમાં બે ઓરડા છે.

ઘરમાં રસોડું છે.

ઘરમાં પાણિયારું છે.

ભીંત ઉપર ઘડિયાળ છે.

ભીંત ઉપર છબીઓ છે.

અભ્યાસ:-

પ્રશ્નો:-

તમારા ઘરને કેટલી બારી છે ? તમારા વર્ગને કેટલી બારી છે ?

તમારા ઘરમાં કેટલા ઓરડા છે ? તમારા વર્ગને કેટલાં બારણાં છે ?

તમારા ઘરને કેટલા માળ છે ? તામારા વર્ગમાં શું શું છે ?

રસોડું બતાવો. પાણિયારુ બતાવો.

નીચેની વસ્તુઓ કયાં કયાં મૂકશો ?

ડોયો, સાણસી, પાટલો, થાળી, વાડકી, લોટો, સાબુ, ટુવાલ, પવાલાં,ડોલ

પાણિયારામાં     રસોડામાં     નાહવાની ઓરડીમાં

## પાઠ - ૨૬

**ચિત્રમાં બે સાપ છે.** ચિત્ર.

એક સાથ કાળો છે.

બીજો સાથ ધોળો છે.

કાળો સાપ લાંબો છે.

ધોળો સાપ ટૂંકો છે.

કાળો સાપ જાડો છે.

ધોળો સાપ પાતળો છે.

અભ્યાસ:-

લાંબો સાપ બતાવો.

ટૂંકો સાપ બતાવો.

ટૂંકો સાપ..........છે. ( કાળો, ધોળો)

લાંબો સાપ.........છે. (

ટૂંકો સાપ.............છે. ( જાડો, પાતળો)

લાંબો સાપ...........છે.

## પાઠ - ૨૭.

**ચિત્રમાં બે છોકરા છે.** ચિત્ર.

એકનું નામ મગન છે.

બીજાનું નામ છગન છે.

મગન જાડો છે.

છગન પાતળો છે.

મગને ટોપી પહેરી છે.

છગને ટોપી પહેરી નથી.

અભ્યાસ:-

પ્રશ્ન:-મગન બતાવો.

જાડો છોકરો બતાવો, તેનું નામ શું ?

પાતળો છોકરો બતાવો, તેનું નામ શું ?

મગન.......................છોકરો છે.

છગન......................છોકરો છે.

કોણે ટોપી પહેરી નથી ? કોણે ટોપી પહેરી છે.

......૯/

## પાઠ - ૨૮.

| શું ? | શાનું ? | બને છે ? | |
|---|---|---|---|
| ખુરશી | લાકડાની | બને છે. | ચિત્ર. |
| વાસણ | પિત્તળનાં | બને છે. | " |
| કાંસકો | પ્લાસ્ટિકનો | બને છે. | " |
| શકોરું | માટીનું | બને છે. | " |
| બંબો | તાંબાનો | બને છે. | " |
| ચંપલ | ચામડાનાં | બને છે. | " |
| તાળું | લોઢાનું | બને છે. | " |

અભ્યાસ :-

લાકડાની બનેલી પાંચ વસ્તુનાં નામ લખો.
લોઢાની બનેલી પાંચ વસ્તુનાં નામ લખો.
ચામડાની બનેલી પાંચ વસ્તુનાં નામ લખો.
પિત્તળની બનેલી પાંચ વસ્તુનાં નામ લખો. ઈત્યાદિ.

## પાઠ - ૨૯.

**આ બતક છે.** **ચિત્ર.**
તે પાણીમાં તરે છે. "
આ ભેંસ છે. "
તે ઘાસ ચરે છે. "
આ દરજી છે. "
તે કપડાં સીવે છે. "
આ ટપાલી છે. "
તે ટપાલ વહેંચે છે. "
આ વૈદ છે. "
તે દવા આપે છે. "

અભ્યાસ :-

પ્રશ્ન :- ટપાલી શું કરે છે ?
કોણ દવા આપે છે ?
બતક કયાં તરે છે ?

## પાઠ - ૩૦

આ છોકરો છે. ચિત્ર.

તે ખુરસી ઉપર બેઠો છે.

તેનું નામ અરવિંદ છે.

તે ચોપડી વાંચે છે.

તેણે પહેરણ અને ચડ્ડી પહેર્યાં છે.

તેણે ટોપી પહેરી નથી.

તેણે ચંપલ પહેર્યાં નથી.

અભ્યાસ:-

છોકરો કયાં બેઠો છે ?

તેનું નામ શું છે ?

અરવિંદ શું વાંચે છે ?

અરવિંદ શું પહેર્યું છે ?

અરવિંદ શું પહેર્યું નથી ?

## ગણતી અને આંકડા

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | એક | ૧૧ | અગિયાર | ૨૧ | એકવીસ | ૩૧ | એકત્રીસ | ૪૧ | એકતાલીસ |
| ૨ | બે | ૧૨ | બાર | ૨૨ | બાવીસ | ૩૨ | બત્રીસ | ૪૨ | બેતાલીસ |
| ૩ | ત્રણ | ૧૩ | તેર | ૨૩ | તેવીસ | ૩૩ | તેત્રીસ | ૪૩ | તેંતાલીસ |
| ૪ | ચાર | ૧૪ | ચૌદ | ૨૪ | ચોવીસ | ૩૪ | ચોત્રીસ | ૪૪ | ચુંમાલીસ |
| ૫ | પાંચ | ૧૫ | પંદર | ૨૫ | પચ્ચીસ | ૩૫ | પાંત્રીસ | ૪૫ | પીસ્તાલીસ |
| ૬ | છ | ૧૬ | સોળ | ૨૬ | છવ્વીસ | ૩૬ | છત્રીસ | ૪૬ | છેંતાલીસ |
| ૭ | સાત | ૧૭ | સત્તર | ૨૭ | સત્તાવીસ | ૩૭ | સાડત્રીસ | ૪૭ | સુડતાલીસ |
| ૮ | આઠ | ૧૮ | અઢાર | ૨૮ | અઠ્ઠાવીસ | ૩૮ | આડત્રીસ | ૪૮ | અડતાલીસ |
| ૯ | નવ | ૧૯ | ઓગણીસ | ૨૯ | ઓગણત્રીસ | ૩૯ | ઓગણચાલીસ | ૪૯ | ઓગણપચાસ |
| ૧૦ | દસ | ૨૦ | વીસ | ૩૦ | ત્રીસ | ૪૦ | ચાલીસ | ૫૦ | પચાસ |

---

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૫૧ | એકાવન | ૬૧ | એકસઠ | ૭૧ | ઈકોતેર | ૮૧ | એકાશી | ૯૧ | એકાણું. |
| ૫૨ | બાવન | ૬૨ | બાસઠ | ૭૨ | બોતેર | ૮૨ | બાશી | ૯૨ | બાણું |
| ૫૩ | તેપન | ૬૩ | તેસઠ | ૭૩ | તોતેર | ૮૩ | ત્યાશી | ૯૩ | તાણું |
| ૫૪ | ચોપન | ૬૪ | ચોસઠ | ૭૪ | ચુંમોતેર | ૮૪ | ચોરાશી | ૯૪ | ચોરાણું |
| ૫૫ | પંચાવન | ૬૫ | પાંસઠ | ૭૫ | પંચોતેર | ૮૫ | પંચાશી | ૯૫ | પંચાણું |
| ૫૬ | છપ્પન | ૬૬ | છાસઠ | ૭૬ | છોતેર | ૮૬ | છાશી | ૯૬ | છન્નું |
| ૫૭ | સત્તાવન | ૬૭ | સડસઠ | ૭૭ | સીત્તોતેર | ૮૭ | સત્યાશી | ૯૭ | સત્તાણું |
| ૫૮ | અઠ્ઠાવન | ૬૮ | અડસઠ | ૭૮ | ઈઠ્ઠોતેર | ૮૮ | ઈઠ્ઠાશી | ૯૮ | અઠ્ઠાણું |
| ૫૯ | ઓગણસાઠ | ૬૯ | અગણોતેર | ૭૯ | અગણાએંશી | ૮૯ | નેવ્યાશી | ૯૯ | નવ્વાણું |
| ૬૦ | સાઠ | ૭૦ | સિત્તેર | ૮૦ | એંશી | ૯૦ | નેવું | ૧૦૦ | સૌ. |

---

## ધોરણ - ૩ જું.

### વાણી.

| | ઓષ્ઠય | દંત્ય | મૂર્ધન્ય | કંઠય | તાલવ્ય |
|---|---|---|---|---|---|
| અલ્પપ્રાણ અઘોષ - | | | | | ચા. |
| અલ્પપ્રાણ ઘોષ- | | | | | જા |
| મહાપ્રાણ અઘોષ- | ફા | થા | ઠા | ખા | છા |
| મહાપ્રાણ ઘોષ- | ભા | ધા | ઢા | ઘા | ઝા |

જોડાક્ષરોમાં દ્વા, પ્રા, ક્રા, સ્તા, સ્કા, સ્થા, ત્રા, ક્ષા, જ્ઞા, વગેરે લેવા.

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | ફરાક | ચિત્ર | (૨) | ફટાકડો | ચિત્ર |
| (૩) | ફૂલ | ,, | (૪) | ફૂટ | ,, |
| (૫) | થાળી | ,, | (૬) | હાથી | ,, |
| (૭) | માથું | ,, | (૮) | થેલી | ,, |
| (૯) | થોર | ,, | (૧૦) | લાઠી | ,, |
| (૧૧) | કોઠી | ,, | (૧૨) | ખટારો | ,, |
| (૧૩) | ખુરસી | ,, | (૧૪) | ખેડૂત | ,, |
| (૧૫) | ભમરો | ,, | (૧૬) | ભમરડો | ,, |
| (૧૭) | ભોટવો | ,, | (૧૮) | ભેંસ | ,, |
| (૧૯) | ધોબી | ,, | (૨૦) | ધનુષ | ,, |
| (૨૧) | ગધેડું | ,, | (૨૨) | આંધળો | ,, |
| (૨૩) | ઢોલ | ,, | (૨૪) | ઢીંગલી | ,, |
| (૨૫) | ઢેલ | ,, | (૨૬) | ઘર | ,, |
| (૨૭) | વાઘ | ,, | (૨૮) | ઘોડાગાડી | ,, |
| (૨૯) | ઘડિયાળ | ,, | (૩૦) | ઘેટું | ,, |
| (૩૧) | ચપ્પુ | ,, | (૩૨) | ચકલી | ,, |
| (૩૩) | ચમચો | ,, | (૩૪) | કાચબો | ,, |
| (૩૫) | ચાવી | ,, | (૩૬) | ચોપડી | ,, |

...૨

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૩૭) | મરચું | ચિત્ર. | (૩૮) | મોચી | ચિત્ર. |
| (૩૯) | ચિત્તો | ,, | (૪૦) | ચંપલ | ,, |
| (૪૧) | જગ | ,, | (૪૨) | સૂરજ | ,, |
| (૪૩) | જામફળ | ,, | (૪૪) | હજામ | ,, |
| (૪૫) | વાજું | ,, | (૪૬) | દરજી | ,, |
| (૪૭) | દરજી | ,, | (૪૮) | માછલી | ,, |
| (૪૯) | રીંછ | ,, | (૫૦) | છત્રી | ,, |
| (૫૧) | કડછી | ,, | (૫૨) | વીછીં | ,, |
| (૫૩) | ઝભ્ભું | ,, | (૫૪) | ઝાડ | ,, |
| (૫૫) | તાળુ અને ચાવી | ,, | (૫૬) | લોટો અને પવાલું | ,, |
| (૫૭) | સ્લેટ અને પેન | ,, | (૫૮) | ડોલ, લોટો અને પવાલું | ,, |
| (૫૯) | ચડ્ડી, ટોપી, કોટ | ,, | (૬૦) | ટેનીસ, ટુવાલ | ,, |

આ પોપટ છે. ,,
પોપટ લીલો છે.
પોપટની ચાંચ લાલ છે.

આ કાગડો છે. ,,
કાગડો કાળો છે.

ગાય ધોળી છે. ,,
ભેસ કાળી છે. ,,
આ ફૂલ છે. ,,
ફૂલ પીળું છે. ,,

એક કેળું ,,
બે કેરી. ,,
ત્રણ કબૂતર ,,
ચાર ફૂલ ,,

.....3

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૬૧) | પાંચ કોયલ | ચિત્ર. | (૬૨) | છ પાન | ચિત્ર. |
| (૬૩) | સાત વખોટા | ,, | (૬૪) | આઠ બટન | ,, |
| (૬૫) | નવ માખી | ,, | (૬૬) | દસ આંગળી | ,, |
| (૬૭) | આ ટિકિટ છે.<br>ટિકિટ લંબચોરસ છે. | ,, | (૬૮) | આ બંગડી છે.<br>બંગડી ગોળ છે. | ,, |
| (૬૯) | આ ફુટ છે.<br>ફૂટ સીધો છે. | ,, | (૭૦) | આ સોટી છે.<br>સોટી વાંકી છે. | ,, |

**આ ગાય છે.** ચિત્ર.

ગાયને એક પૂંછડું છે.
ગાયને બે શિંગડાં છે.
ગાયને ચાર પગ છે.
ગાયને બે કાન છે.
ગાયને ચાર આંચળ છે.
ગાયને બે આંખો છે.
ગાયને એક પેટ છે.
ગાયને એક મોં છે.

પોપટની ચાંચ લાલ છે.
કાગડાની ચાંચ કાળી છે.
વાંદરાનું પૂંછડું લાંબું છે.
કૂતરાનું પૂંછડું ટૂંકું છે.
ઉંટનું માથું નાનું છે.
હાથીનું માથું મોટું છે.
ભેંસના પગ પાતળા છે.
હાથીના પગ જાડા છે.
રમણની ટોપી નવી છે.
ચીનુની ટોપી જુની છે.

આ મરચું છે. ચિત્ર. આ કેરી છે. ચિત્ર.

_ મરચું તીખું છે. કેરી મીઠી છે.

આ આમલી છે. ,,

આમલી ખાટી છે.

**આ મનુભાઈ છે.** **ચિત્ર.**

મનુભાઈનો કોટ કાળો છે.

મનુભાઈની ચડ્ડી વાદળી છે.

મનુભાઈની ટોપી કાળી છે.

મનુભાઈનું ખમીસ પીળું છે.

મનુભાઈના બૂટ કાળા છે.

મનુભાઈના મોજા વાદળી છે.

**આ મણીબેન છે.** **ચિત્ર.**

તેનો કબજો લાલ છે.

તેનો ઘાઘરી લીલી છે.

તેની ચંપલ ધોળી છે.

તેની બંગડી લીલી છે.

તેની થેલી કાળી છે.

**આ કાન્તાબેન છે.** **ચિત્ર.**

તેનું ફરાક પીળું છે.

તેની બંગડી લીલી છે.

તેની બોપટી કાળી છે.

તેની થેલી કાળી છે.

તેના હાથમાં ફૂલ છે.

**આ બિલાડી છે.** **ચિત્ર.**

તેને ચાર પગ છે.

તે મિયાઉં મિયાઉ બોલે છે.

| | |
|---|---|
| આ પોપટ છે. | ચિત્ર. |
| તેને બે પગ છે. | |
| તે રામ રામ બોલે છે. | |
| છોકરો લખે છે. | ચિત્ર. |
| છોકરો દાતણ કરે છે. | ચિત્ર. |
| છોકરો ચડ્ડી પહેરે છે. | ચિત્ર. |
| બિલાડી દૂધ પીએ છે. | ચિત્ર. |
| ભરત ટુવાલ નીચોવે છે. | ચિત્ર. |
| અશોક ટુવાલ સુકવે છે. | ચિત્ર. |
| પ્રભાવતી દળે છે. | ચિત્ર. |
| જશોદા સીવે છે. | ચિત્ર. |
| બચુભાઈ પેન્સિલથી લખે છે. | ચિત્ર. |
| રંભાબેન પાયાથી કપડાં ધુએ છે. | ચિત્ર. |
| ગધેડું ભૂકે છે. | ચિત્ર. |
| કૂકડો બોલે છે. | ચિત્ર. |
| મોર નાચે છે. | ચિત્ર. |
| બાળક ચાંદો બતાવે છે. | ચિત્ર. |
| અરવિંદ મણકા ગણે છે. | ચિત્ર. |
| નરસિંહ ફટાકડા ફોડે છે. | ચિત્ર. |
| મનુભાઈ પતંગ ઉડાડે છે. | ચિત્ર. |
| રણછોડ બોલ ઉછાળે છે. | ચિત્ર. |
| શબીર ફૂલકો ફુલાવે છે. | ચિત્ર. |

શીશીમાં દવા છે.

લોટમાં પાણી છે.

વાડકીમાં દૂધ છે.

પેટીમાં કપડાં છે.

પાકીટમાં પૈસા છે.

....૬/

દફતરમાં ચોપડીઓ છે.
કબાટમાં ચોપડીઓ છે.
પાંજરામાં પોપોટ છે.
માટલીમાં પાણી છે.

**મનુભાઈ, કાન્તાબેન અને મણીબેન** **ચિત્ર.**

નિશાળે જાય છે.
મનુભાઈ પાસે મોટી સલેટ છે.
મણીબેન પાસે નાની સલેટ છે.
કાન્તાબેન પાસે સલેટ અને પેન નથી.
મનુભાઈએ ખમીસ અને ચડ્ડી પહેર્યા છે.
કાન્તાબેને સ્કર્ટ અને કબજો પહેર્યો છે.
મણીબેને ઘાઘરી અને કબજો પહેર્યો છે.

**આ મદારી છે.** **ચિત્ર.**

તે સાપનો ખેલ બતાવે છે.
તે જમણા હાથે વાંસળી વગાડે છે.
અને ડાબા હાથે ડુગડુગિયું વગાડે છે.
મદારી આગળ ટોપલો, ડબલું અને હાડકું છે.
ટોપલામાં સાપ છે.
સાપ ફેણ માંડે છે.
મદારી પાછળ લાકડી અને કોથળો છે.
માણસો ખેલ જુએ છે.

**આ ભિખારી છે.** **ચિત્ર.**

તે પૈસા અને ખાવાનું માંગે છે.
તેણે ધોતિયું અને પહેરણ પહેર્યા છે.
તેના કપડાં મેલાં અને ફાટી ગયાં છે.
તેના જમણા હાથમાં લાકડી છે.
અને ડાબા હાથમાં વાડકો છે.
તેણે માથે ફાળિયું પહેર્યું છે.
તેના પગમાં જોડા નથી.

.......૭/

**આ ફેરિયો છે.** ચિત્ર.

તે ચવાણું વેચે છે.
તેણે ધોતિયું, પહેરણ, ફાળિયું અને
જોડા પહેર્યા છે.

ત્રણ છોકરાં ચવાણું ખરીદે છે.
ઘોડી ઉપર ખૂમચો છે.
ખૂમચામાં સેવ, મમરા, ગાંડીઆ,
ચેવડો વગેરે છે.
ફેરિયો પડીકું વાળે છે.
તે સાદ પાડે છે.

**આ કુલકાવાળો છે.** ચિત્ર.

તેનું નામ અબ્દુલ છે.
તે કુલકા વેચે છે.
તેણે લેંઘો, ખમીસ, જાકીટ અને ટોપી પહેર્યા છે.
કુલકાવાળો નાતે મુસલમાન છે.
છોકરાં કુલકા ખરીદે છે.
કુલકાની કિંમત પચીસ પૈસા છે.
નાનો છોકરો કુલકો ફુલાવે છે.

**મનુભાઈ વરસાદમાં રમે છે.** ચિત્ર.

તે રેતીનું ઘર બનાવે છે.
તેની બા ઓટલા ઉપર ઊભી છે.
તે મનુભાઈને બોલાવે છે.
પણ મનુભાઈ માનતો નથી.
તેનાં કપડાં પલળી ગયાં છે.
તેને શરદી થશે અને તાવ આવશે.
મનુભાઈ તોફાની છે.

....૮/

**મનુભાઈને તાવ આવે છે.** **ચિત્ર.**

તે ખાટલામાં સૂતો છે.

તેને ઉધરસ થઈ છે.

દાક્તર મનુભાઈને તપાસે છે.

તેની બાના હાથમાં પંખો છે.

તે પંખાથી પવન નાખશે.

સ્ટૂલ ઉપર શીશી અને કપ છે.

મનુભાઈ દવા પીશે એટલે તાવ ઉતરી જશે.

**વાંદરો ઝાડ ઉપર બેઠો છે.** **ચિત્ર.**

કૂતરો ઝાડ નીચે ઉભો છે.

કૂતરો વાંદરાને ભસે છે.

વાંદરો દાંતિયાં કરે છે.

વાંદરાને કૂતરાની બીક લાગે છે.

વાંદરો ઝાડ ઉપર ચઢી શકે છે.

કૂતરો ઝાડ ઉપર ચઢી શકતો નથી.

વાંદરો હૂપ હૂપ બોલે છે.

કૂતરો હાઉ હાઉ બોલે છે.

**સવાર થયું.** **ચિત્ર.**

સૂરજ ઉગ્યો.

નલીન હજી ઉઠયો નથી.

તે રોજ મોડો ઉઠે છે.

તેની બા તેને ઉઠાડે છે.

નલીન આળસુ છે.

તે આંખો ચોળે છે.

તે ખાટલામાં ઉંઘે છે.

ખાટલા નીચે લોટો અને પવાલું છે.

**આ ઝાડ છે.** **ચિત્ર.**

ઝાડ ઉપર ચકલીએ માળો બાંધ્યો છે.

માળામાં ત્રણ બચ્ચાં છે.

ચકલી તેના બચ્ચાંને દાણા ખવડાવે છે.

બચ્ચાં ચીં ચીં બોલે છે.

હજી બચ્ચાં નાનાં છે.

તેથી તેમને ઉડતાં આવડતું નથી.

**કનુ નિશાળે જતો હતો.** **ચિત્ર.**

એક કૂતરો કનુને ભસવા લાગ્યો.

એટલે કનુ દોડયો.

દોડતાં દોડતાં કનુ પડી ગયો.

તે રડવા લાગ્યો.

તેને પગમાં વાગ્યું.

તેના પગમાંથી લોહી નીકળ્યું.

તેની સલેટ ફૂટી ગઈ.

તેની ચોપડી ફાટી ગઈ.

તેની બાએ તેને પાટો બાંધ્યો.

**કુંભાર ચાકડા ઉપર માટીનાં વાસણ ઉતારે છે.** **(ચિત્ર)**

તે લાકડી વડે ચાકડો ફેરવે છે.

ચાકડો ગોળ ગોળ ફરે છે.

— કુંભાર ગધેડાં રાખે છે.

તે ગધેડાં ઉપર માટી લાવે છે.

તેનાં કપડાં માટીવાળાં હોય છે.

તે છાપરાનાં નળિયાં બનાવે છે.

તે પાણી ભરવાની માટલી બનાવે છે.

તે કૂંડાં અને કોઠી બનાવે છે.

લોકો કૂંડામાં તુલસી વાવે છે. ચિત્ર.

લોકો કોઠીમાં દાણા ભરે છે.

માટલીમાં પાણી ઠંડું રહે છે.

ઉનાળામાં લોકો ઠંડું પાણી પીએ છે.

**ઝાડ પાસે કૂતરી બેઠી છે.** **ચિત્ર.**

કૂતરીને ચાર ગલૂડિયાં છે.

બે ગલૂડિયાં ધાવે છે.

અરવિંદ કૂતરીને રોટલી ખવડાવે છે.

બાબો ગલૂડિયાને પકડે છે.

બેબી ગલૂડિયાને રમાડે છે.